Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનન્દ પ્રકાશ.

પુસ્તક ૬ ઠું. વિક્રમ સંવત ૧૯૬૫. પોષ. અંક ૬ ઠો.

## શ્રીવીર વાણી સ્તુતિ.

વસંતતિલકા.

[૧]વિશ્વોપકાર કરતી હરતી [૨]કુકર્મ,
ધર્મ પ્રભાવ ધરતી કરતી [૩]સુશર્મ;
સમ્યક્ત્વથી સકલ ભવ્ય જને વખાણી,
પામો સદા વિજય વીર જિનેંદ્ર વાણી. ૧

## ગુરુ સ્તુતિ.

ચારિત્રથી ચલકતા, શુભ બોધ ધારે,
જે દેશના દિલ ધરી જનમાં [૪]પ્રસારે;
[૫]મિથ્યા [૬]કષાય મતિમોહ સદા [૭]વિદારે,
તે સદ્ગુરૂ ચરણ શરણ સદા અમારે. ૨

૧ જગતનો ઉપકાર. ૨ નઠારા કર્મ. ૩ સારૂં સુખ મોક્ષ સુખ ૪ ફેલાવે. ૫ મિથ્યાત્વ. ૬ ચાર કષાયો. ૭ નાશ કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગૃહસ્થ ધર્મ.

(અનુસંધાન ગત અંક ૫ પૃ. ૧૦૯ થી.)

અર્થ સેવનાર પુરૂષે, કાંઇ પણ વિચાર્યા વિના, ઉત્પન્ન થયેલા દ્રવ્યનો અયોગ્ય રીતે વ્યય કરી નાંખવો નહિં; તેમ બાપદાદાનાં દ્રવ્યનું, અન્યાયે કરી ભક્ષણ કરીનેજ બેસી રહેવું નહીં; તેમ વળી ધર્મસ્થાનને વિષે કંઈ પણ ખરચ્યા વિના ફક્ત પૈસો એકઠો જ કર્યા કરવો નહીં; પણ એ ત્રણે રીતિનો ત્યાગ કરીને અર્થ રાખવો. વળી અજીતેન્દ્રિય પુરૂષને તો કોઇ રીતે કાર્ય સિદ્ધિ થતી નથી કારણ કે એવો પ્રાણી પરવશ હોવાથો ધન અથવા ધર્મ અથવા શરીર એ સર્વ એનાં નથી તેથી એ શીઘ્ર નાશ પામે છે. તેથી ધર્મ તથા અર્થ એ બેને બાધ ન આવે તેવી રીતે કામને વિષે પ્રવર્તવું. આ પ્રમાણે એ ત્રણે પુરૂષાર્થની પરસ્પર વિરોધ ન આવે એવી રીતે સેવા કરવી.

**तथा अन्यतरबाधासंभवे मूलाबाधेति ॥**

અર્થઃ વળી (એ ધર્મ–અર્થ–કામ, એ ત્રણમાંથી) હરકોઇને ઉપઘાતનો સંભવ થાય તો મુળ પુરૂષાર્થ ને તો બાધ ન આવવા દેવો.

વિવેચનઃ મુળ પુરૂષાર્થને બાધ ન આવવા દેવો–એટલે કે કામ નામના પુરૂષાર્થને બાધા આવે તો તેના મુળ જે ધર્મ, અને અર્થ–તેમનું તો રક્ષણ કરવું; કારણ કે એ બે હોય તો કામ સુખેથી પ્રાપ્ત થાય છે. વળી કામ અને અર્થને બાધા આવે તો ધર્મનુંજ નિઃસંશય રક્ષણ કરવું; કારણ કે એ ધર્મ એજ સર્વ પુરૂષાર્થનું મૂળ છે.

**तथा बलाबलापेक्षणमिति ॥**

**અર્થઃ** વળી પોતાના સામર્થ્ય અને અસામર્થ્યનો વિચાર કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવેચનઃ બુદ્ધિમાન્ પુરૂષે કોઇ પણ કાર્યને વિષે પ્રવૃત્ત થયા પહેલાં, પોતામાં કેટલું સામર્થ્ય છે અને કેટલું (સામર્થ્ય) નથી તેનો સારી પેઠે વિચાર કરવો. કારણ કે પોતાના સામર્થ્ય વિરૂદ્ધ આરંભ કરનારનો ક્ષયજ થાય છે. કહ્યું છે કે,

कः कालः कानि मित्राणि को व्ययागमौ ।
कश्चाहं का च मे शक्ति रिति चिन्त्यं मुहुर्मुहुः ॥

કાળ કેવો છે, મિત્ર કોણ છે, દેશ કયો છે, મારે ખરચ કેટલો છે ને આવક કેટલી છે, હું કોણ છું, મારી શક્તિ કેટલી છે, એવો વારંવાર વિચાર કર્યા કરવો.

तथा अनुबंधे प्रयत्न इति ॥

અર્થઃ વળી અનુબંધને વિષે પ્રયત્ન કરવો.

વિવેચનઃ ધર્માર્થકામની ઉત્તરોત્તર વૃદ્ધિ રૂપ જે અનુબંધ તેને વિષે પ્રયત્ન કરવો. કારણ કે અનુબંધ રહિત એવાં જે કાર્યો તે કંઇ વંધ્યાસ્ત્રીની પેઠે કંઈ ગૌરવપણાને પામતા નથી.

तथा कालोचितापेक्षेति ॥

અર્થઃ વળી કાળને ઉચિત (યોગ્ય) (વસ્તુ) નો વિચાર કરવો.

વિવેચનઃ અમુક વસ્તુ અમુક કાળે ત્યાગ કરવી યોગ્ય છે, અને અમુકકાળે ગ્રહણ કરવી યોગ્ય છે એનો સંપુર્ણપણે વિચાર કરીને પછી એ વસ્તુ એ કાળે ગ્રહણ કરવી યોગ્ય છે. કારણ કે એવી દાક્ષિણ્યતાથી સર્વ સંપત્તિ પ્રાપ્ત થાય છે.

કહ્યું છે કે—

यः काकिणीमप्ययथप्रपन्नामन्वेषते निष्कसहस्रतुल्याम् ।
कालेन कोटिष्वपि मुक्तहस्तस्तस्यानुबन्धं न जहाति लक्ष्मीः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે માણસ કુમાર્ગને વિષે પડેલી એક કોડીને પણ સહસ્ર સોના મહોર તુલ્ય ગણીને શોધે છે, તે, કાળે કરીને કોટિ દ્રવ્ય આપી શકે એવો થાય છે કેમકે લક્ષ્મી તેનો સંબંધ ત્યજી શકતી નથી.

**तथा प्रत्यहं धर्मश्रवणमिति ॥**

અર્થ: વળી પ્રતિદીન ધર્મ શ્રવણ કરવું.

વિવેચન: ધર્મ શ્રવણ એટલે ધર્મશાસ્ત્રનું શ્રવણ, જેવી રીતે સુંદર સ્ત્રી યુક્ત યુવાન પુરૂષે કિન્નરે આરંભેલા ગીતનું શ્રવણ કર્યું–તેના દૃષ્ટાંતને અનુસરીને, એ શ્રવણ કરવું; કારણ કે એથી બહુ ગુણનો લાભ છે. (અપુર્ણ).

# સિદ્ધ સારસ્વત કવીશ્વર ધનપાલ.

(ગત અંક પૃષ્ટ ૯૨ થી શરૂ.)

શોભનાચાર્યે જ્યારે દહીંમાં જંતુઓનો પ્રવેશ બતાવ્યો, ત્યારે હૃદયમાં આર્હત ધર્મ ઉપર આસ્થા પામેલા ધનપાળના હૃદયમાં ઘણીવાર સુધી તે ધર્મના પ્રભાવને માટે સુવિચાર આવ્યા હતા. પછી તેણે બે જૈન સાધુઓને નમ્રતાથી પુછયું, "મહાનુભાવ, તમારા ગુરૂ કોણ છે? તમે કયાંથી પધાર્યા છો? અને તમોએ કયાં નિવાસ કરેલો છે?" ધનપાળના આ પ્રશ્નો ઉપરથી તે સાધુઓ બોલ્યા—"ભદ્ર, અમારા ગુરૂ **શોભનાચાર્ય** છે. તે મહાનુભાવ ગુરૂની સાથે અમો ગુર્જર દેશમાંથી આવ્યા છીએ. અહિં શ્રી રૂષભદેવ પ્રભુના મંદિરની પાસે આવેલા ઉપાશ્રયમાં અમે ઉતર્યા છીએ," આ પ્રમાણે કહી તે બંને જૈન મુનિઓ પોતાને સ્થાને પાછા આવ્યા હતા. તેમણે આવી ગુરૂ શોભનાચાર્યને તે વૃત્તાંત જણાવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે બંને જૈનમુનિઓ ગયા, તે પછી ધનપાળ ભોજનાદિક ક્રિયા કરી હૃદયમાં ઉત્સુક થઇ જ્યાં શોભનાચાર્ય શિષ્યોના પરિવાર સાથે ઉતર્યા હતા, ત્યાં ગયો. ધનપાળને જોતાંજ શોભનાચાર્યના હૃદયમાં ભ્રાતૃભાવ ઉત્પન્ન થઇ આવ્યો તે ભ્રાતૃભાવથી ઉત્પન્ન થયેલા સ્નેહને લઇને શોભનાચાર્ય બેઠા થયા અને તેમણે પોતાના ભાઇ ધનપાળને પ્રેમથી આલિંગન કર્યું અને તેને પોતાના આસન ઉપર બેસાડયો. પોતાના બંધુ શોભનાચાર્યનો આવો વિનય જોઈ ધનપાળ સાશ્રુવદન થઇ બોલ્યો—" બંધુ, તમે તમારા જીવનને સાર્થક કર્યું છે. આવા દયામય ધર્મને અંગીકાર કરી તમે ખરેખર ધન્યવાદના પાત્ર બન્યા છો. હવે કૃપા કરી આ બંધુનો ઉદ્ધાર કરો તમારા દયા ધર્મનું તત્ત્વ જ્ઞાન મને સમજાવો, સુજ્ઞ બંધુઓ પોતાના બંધુનો ઉદ્ધાર કરવો જોઇએ, જ્યારે પોતાના બંધુનો ઉદ્ધારક બંધુ નહીં થાય તો પછી બીજો કોણ થશે ? હું તમારી શરણે આવ્યો છું " ધનપાળનાં આ વચનો સાંભળી શોભાનાચાર્ય હૃદયમાં વિશેષ આનંદ પામ્યા અને તેમણે પોતાના બંધુને આર્હત ધર્મના શુદ્ધ સ્વરૂપને સમજાવ્યું. શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મની ભાવનાનો તેને ઉત્તમ પ્રકારે પ્રતિબોધ કર્યો, જેથી ધનપાળનું સંસ્કારી હૃદય આર્હત ધર્મની ભાવનામાં તલ્લીન થઇ ગયું, તે પછી ધનપાળ પ્રશ્ચાત્તાપ કરતો બોલ્યો—" મહાનુભાવ, મેં આ દેશના મહારાજા ભોજને કહી જૈન મુનિઓનો વિહાર આ દેશમાં બંધ કરાવી મહા પાપ ઉપાર્જ્યું છે, એ મહાપાપનું પ્રાયશ્ચિત આપી મને શુદ્ધ કરો, આ પશ્ચાત્તાપથી મારૂં હૃદય પરિતપ્ત થાય છે."

પોતાના બંધુના આ વચન સાંભળી શોભનાચાર્યે તેને કેટલોએક ઉપદેશ આપ્યો હતો અને ભોજરાજાને ચમત્કારીપણે આર્હત મુનિઓ તરફ ભાવઆળો કરવાની ઉત્તમ સૂચના આપી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કવીશ્વર ધનપાળ શોભનાચાર્યના ઉપદેશથી પરમ આર્હત બન્યો હતો, અને તેના હૃદયમાં જૈન ધર્મની દઢતા ઉત્તમ પ્રકારે પ્રાપ્ત થઈ હતી, તેણે અલ્પ સમયમાં આર્હત ધર્મની ઉન્નતિ કરવાના સારા ઉપાયો યોજ્યા હતા, તે સાથે પોતે શુદ્ધ વૃત્તિથી આર્હત ધર્મની ઉપાસના કરતો હતો, તેણે પોતાના દ્રવ્યનો સાત ક્ષેત્રોમાં સદુપયોગ કર્યો હતો, પોતાના નગરમાં શ્રીઋષભદેવ પ્રભુનું એક સુંદર ચૈત્ય બંધાવી તેમાં આદિનાથની મનોહર પ્રતિમાનું સ્થાપન કર્યું હતું. કવીશ્વર ધનપાળ ત્રણે કાળ એ પ્રભુની ભક્તિ કરતો અને તેમની સન્મુખ ઉત્તમ પ્રકારની ધાર્મિક ભાવનાઓ ભાવતો હતો, એક વખતે તેણે પોતાની કવિત્વ શક્તિથી શ્રીરૂષભદેવ પ્રભુની સન્મુખ "**રૂષભપંચાશિકા**" નામનું એક ઉત્તમ સ્તોત્ર બનાવ્યું હતું, જે સ્તોત્ર અદ્યાપિ કવીશ્વર ધનપાળની અદ્દભૂત આર્હત ભક્તિને સૂચવી આપે છે.

કવીશ્વર ધનપાળ પોતાની કવિતાના ચમત્કારથી વશીભૂત કરેલા ભોજરાજાની આગળ સારી પ્રતિષ્ઠા પામ્યો હતો; તેથી તેણે પોતાની ધર્મભાવના રાજાની આગળ પ્રગટ કરવા માંડી હતી, અને ભોજરાજાને તેમાં સારી રીતે આસ્તા વધે તેવા ઉપાયો પ્રતિદિન યોજ્યા કરતો હતો, આથી ભોજરાજાને જૈનધર્મની કથાઓ સાંભળવાનો ઘણો શોખ વધ્યો હતો.

એક વખતે ભવ્યતાથી સુશોભિત એવા ભોજરાજાએ કવીશ્વર ધનપાળને કહ્યું કે, "તમે કોઇ જૈન કથા આલંકારિક ભાષામાં ગ્રંથીને મને સંભળાવો." ભોજરાજાની આ માગણી સ્વીકારી કવીશ્વર ધનપાળે **તિલકમંજરી** નામનો ગદ્યમય ગ્રંથ લખી રાજા ભોજને ધર્મ કથા સંભળાવી હતી, એ રસિક ગ્રંથમાં બાર હજાર શ્લોકો આવેલા છે. ગ્રંથકારે તેની અંદર કાવ્ય ચમત્કૃતિ સારી રીતે આરોપિત કરેલી છે. તિલકમંજરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની રચનાને ભારત વર્ષના સર્વ વિદ્વાનોએ અભિનંદન આપ્યું હતું. અદ્યાપિ પણ એ કવીશ્વર ધનપાળની કૃતિ ભારતવર્ષના વિદ્વાનોને આશ્ચર્ય પમાડે છે, એ રસિક ગ્રંથ રચ્યા પછી ધનપાળે **વાદિવેતાલ** શાંતિસૂરિજીને બોલાવી તેની શુદ્ધિ કરાવી હતી. ધનપાળે ઘણો પ્રયત્ન કરી ભોજરાજાને આર્હત ધર્મનો પરમ આસ્તિક બનાવા પ્રયત્ન કર્યો હતો, તથાપિ પૂર્વના અલ્પ પુણ્યને લીધે ભોજરાજા તેવો આસ્તિક બની શક્યો ન હતો, તથાપિ તેના હૃદયમાં જે આર્હત ધર્મ તરફ તિરસ્કાર હતો, તે તિરસ્કાર દૂર થઈ ગયો હતો, અને આર્હત ધર્મ ઉપર તેનો ભાવ થોડે ઘણે અંશે વૃદ્ધિ પામ્યો હતો.

જ્યારે કવીશ્વર ધનપાળે તિલકમંજરીની રસિક વાર્તા ભોજ આગળ વાંચી સંભળાવી, ત્યારે ભોજરાજા પોતાના હૃદયમાં ઘણો પ્રસન્ન થયો હતો, પરંતુ તે પ્રસન્નતાની સાથેજ તેનામાં રાજ મદ ઉત્પન્ન થઇ આવ્યો હતો. રાજમદથી મત્ત થયેલા ભોજરાજાએ કવીશ્વર ધનપાળને આ પ્રમાણે કહ્યું હતું–"કવીરાજ આ તમારી તિલકમંજરીની રચનાથી હું તમારી ઉપર ઘણો પ્રસન્ન થયો છું, પણ તમારા ગ્રંથમાં ચાર જગ્યોએ મારા કહેવા પ્રમાણે ફેરફાર કરો તો તે ગ્રંથને માટે મને બહુ માન ઉત્પન્ન થશે." ભોજરાજાના આ વચનો સાંભળી કવીશ્વરે ઇંતેજારીથી પુછ્યું, કઇ ચાર જગ્યોએ કેવા પ્રકારનો ફેરફાર કરવો યોગ્ય છે? તે કૃપા કરી જણાવો."

રાજા સાભિમાન થઇ બોલ્યો–તે તિલકમંજરીમાં જે અયોધ્યા નગરીનું વર્ણન કર્યું છે, તે અયોધ્યાને ઠેકાણે મારી ધારાનગરીનું નામ મુકો. શક્રાવતાર ને ઠેકાણે મહાકાલના સ્થાનને ગોઠવો, શ્રી ઋષભદેવને બદલે શંકરનું વર્ણન આપો અને રાજા મેઘવાહનની જગ્યોએ મારૂં નામ દાખલ કરો. "આ ચાર જગ્યોએ ફેરફાર કરશો તો આ તમારો ગ્રંથ મને બહુ પ્રીય થશે અને તેને માટે હું તમારી ભારે કદર કરીશ."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોજરાજાના આ વચનો કવીશ્વર ધનપાળને રૂચિકર લાગ્યા નહીં. તે મુખ ઉપર જરા ગ્લાનિ લાવીને બોલ્યો—" રાજન્, એવો ફેરફાર બને નહીં. એમ કરવાથી આ ગ્રંથ અપવિત્ર થઈ જાય અને મારી તથા આપની કીર્ત્તિની હાનિ પણ થાય." કવીશ્વર ધનપાલના આ વચનો સાંભળી ભોજ રાજાને ભારે ક્રોધ ઉત્પન્ન થઇ આવ્યો હતો. તેણે ક્રોધના આવેશથી હુકમ કરી ધનપાળ પાસેથી તે પુસ્તક ખેંચી લેવરાવ્યું અને તેના દેખતાંજ અગ્નિની શઘડીમાં તેને બાળી નાંખ્યું હતું. રાજા ભોજના આ કૃત્યથી કવીશ્વર ધનપાળના હૃદયમાં ભારે ક્રોધ ઉત્પન્ન થઇ આવ્યો હતો. તે વખતે ક્રોધાધીન થયેલો ધનપાળ ' આ સમર્થ એક દેશાધિપતિ રાજા છે ' એ વાત પણ ભુલી ગયો અને તેણે ક્રોધના આવેશમાં નીચેની ગાથા બોલ્યો હતો,—

" मालवि ओस ।किपन्नं, मन्नासि कव्वेण ।निव्वुइत्तं ।सि ।
धनवालंथि न मुंचासि, पुच्छामि सवचणं कत्तो" ॥ १ ॥

આ ગાથા કહી કવીશ્વરે રાજાને જણાવ્યું કે, તમે મારા તે ઉત્તમ ગ્રંથને દગ્ધ કર્યો, તેથી હું હવે તમારૂં મુખ જોવાનો નથી.

આ પ્રમાણે કહી સ્વતંત્ર વિચારનો ધનપાળ કવિ હૃદયમાં ખેદ પામતો પામતો પોતાને ઘેર આવ્યો હતો.

કવીશ્વર ધનપાળને એક પુત્રી હતી, તે ઘણીજ ચતુર અને બુદ્ધિમતી હતી. ધનપાળે તેણીને સારી કેળવણી આપી વિદુષી બનાવી હતી. તે બાળાની સ્મરણ શક્તિ ઘણીજ તીવ્ર હતી. ધનપાળ પોતાની ગદ્ય કે પદ્યમય કવિતા તેણીની પાસે એકજવાર કહેતો, તેટલામાં તો તે વિદુષી બાળા પોતાની બુદ્ધિના બળથી તેને યાદ કરી લેતી હતી.

ભોજરાજાની સામે કટુ વચનો કહી કવીશ્વર પોતાને ઘેર આવ્યો. તિલકમંજરી જેવો સર્વોત્તમ રસિક ગ્રંથ અગ્નિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દગ્ધ થવાથી હૃદયમાં દગ્ધ થતો ધનપાળ પોતાના ગૃહમાં આવી ખિન્ન વદને બેઠો બેઠો ચિંતા કરતો હતો, સ્નાન, પાન અને ભોજનનો તેણે ત્યાગ કર્યો હતો, પોતાના પિતાને આ પ્રમાણે ચિંતાતુર જોઇ તેની ચતુર પુત્રીએ આ પ્રમાણે કહ્યું હતું,– “ પીતાજી, આજે ખિન્નવદન કેમ દેખાઓછો ? હજુ સુધી સ્નાન ભોજન કેમ કરતા નથી ? ” પુત્રીના આવા પ્રશ્ન ઉપરથી કવીશ્વર ધનપાળે ભોજરાજાની પાસે જે વૃત્તાંત બન્યો હતો, તે પોતાની ચતુર પુત્રીની આગળ કહી સંભળાવ્યો હતો. તે ચતુર બાળાએ પોતાના પીતાને નમ્રતાથી કહ્યું, “ પૂજ્યપિતાજી, તમે તિલકમંજરી ગ્રંથના દહનને માટે હૃદયમાં જરાપણ અપશોષ કરશો નહિં. ઉઠીને સ્નાન, દેવપૂજન અને ભોજન કરી લ્યો. ભોજરાજાએ કદાચ તે પુસ્તક અગ્નિમાં હોમ્યું, તેથી શું થઇ ગયું ? તે સઘળો ગ્રંથ મારે કંઠે છે. કારણ કે, પુર્વે તમે મને તે પ્રેમથી સંભળાવ્યો છે. ” પુત્રીના આ વચન કવીશ્વર ધનપાળને કર્ણમાં અમૃત સમાન લાગ્યા અને તેણે પ્રસન્ન થઇ પોતાની પુત્રીને ધન્યવાદ આપ્યો હતો. તે પછી સ્નાન, પૂજન અને ભોજન કરી ધનપાળે તે પુસ્તક ફરીને પુત્રીના મુખથી સાંભળી લખવા માંડયો, પણ લખતાં લખતાં કેટલોએક ભાગ તેમાંથી વિસ્મરણ થવાથી ત્રણ હજાર શ્લોકોની સંખ્યા ઓછી થઇ હતી. અત્યારે કવીશ્વર ધનપાળની કૃતિ તે તિલકમંજરીનું પુસ્તક નવ હજાર શ્લોકની સંખ્યાવાળું વિદ્યમાન છે. એ ચમત્કારી પુસ્તક એ મહાન્ પંડિતવર્યની સત્કીર્ત્તિનું સાધન થઇ સાંપ્રતકાળના વિદ્વાનોના હૃદયને આનંદ આપે છે.

કવીશ્વર ધનપાળ ભોજરાજાની અપ્રીતિ થવાથી પોતે ધારાનગરીને છોડી પશ્ચિમ દિશામાં આવેલા સત્યપુર નગરમાં ગયો હતો, તે નગરમાં શ્રી મહાવીર સ્વામિનું એક સુશોભિત ચૈત્ય હતું. ત્યાં તેણે વિરોધાભાસ અંલકારથી યુક્ત એવું શ્રી વીરપ્રભુનું પ્રાકૃતભાષામાં સ્તુતી કાવ્ય રચ્યું હતું.

**અપૂર્ણ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અદ્‌ભુત ઉપનય.

એક ઉદ્યાન વિવિધ વૃક્ષોની ઘટાથી રમણીય હતું. વિવિધ જાતના વૃક્ષોની ઉપર પક્ષીઓ મધુર ધ્વનિ કરી રહ્યાં હતાં તેની એક તરફ સુંદર અને સ્વચ્છ જલવાલા જલાશયો આવેલા હતા. તેની અંદર પાંચ પ્રકારના કલ્પ વૃક્ષો નવપલ્લવિત થઇ ઉભા હતા. અને તેની આસપાસ લીલોતરીથી પરિપૂર્ણ એવી સત્તર જાતની વાડો આવેલી હતી,

આ સુંદર ઉદ્યાનમાં એક મહર્ષિ કાયોત્સર્ગ કરી પ્રાસુક સ્થલમાં ઉભા હતા. તેમની મૂર્તિ શાંત અને તેજસ્વી હતી. તેમના વિશાળ લલાટ ઉપર ચારિત્રનું તેજ ચળકતું હતું. બંને બાહુ જાનુ સુધી લંબાયમાન હતા શરીરના દરેક અંગ ઉત્તમ પ્રકારની સંઘયણને દર્શાવી આપતા હતા.

આ વખતે એક મધ્ય વયનો પુરૂષ તે સ્થળે આવી ચડયો તે પૂરૂષની આકૃતિ શ્રીમંતના જેવી દેખાતી હતી, તથાપિ તેના મુખ ઉપર ચિંતાનાં ચિન્હો તરી આવતા હતા. ચિંતાને લઇને તેના મુખની આસપાસ ગ્લાનિના અંકુરોસ્કુરી રહયાહતા. તે પુરૂષની દ્રષ્ટિ પેલા કાયોત્સર્ગે રહેલા મહાત્માનાં ઉપર પડી, મહાત્માની શાંત અને તેજસ્વી મૂર્તિ જોઇ તે પુરૂષ તેમની પાસે આવ્યો. તેણે ભક્તિ પૂર્વક તે મહાત્માનાં ચરણમાં વંદના કરી અને તેમની સન્મુખ અંજલિ જોડી ઉભો રહયો. ક્ષણવારે તે મહાત્મા ધ્યાન મુક્ત થયા. કાયોત્સર્ગ પારી તેઓએ સન્મુખ જોયું, ત્યાં તે ચિંતાતુર પુરૂષ તેમના જોવામાં આવ્યો, તેને જોતાંજ મહાત્મા મધુર અને શાંત સ્વરથી બોલ્યા—“ ભદ્ર ” તું કોણ છે ? અને અહીં કેમ આવ્યો છે ? અને તારા મુખ ઊપર ચિંતા કેમ દેખાય છે ? ”

તે વિનયથી બોલ્યો “ મહાનુભાવ, હું એક મનુષ્ય પ્રાણી છું. આ દુઃખરૂપ સંસારમાંથી કંટાળીને આ રમણીય પ્રદેશમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો છું, આ પવિત્ર અને શાંતિદાયક સ્થાન જોઈ મને અહિં વિશ્રાંતિ લેવાની ઇચ્છા થઇ છે; પણ મને અહિં વિશ્રાંતિ મળશે કે નહિ? એ વિષે શંકા રહ્યા કરે છે, તેથી હું ચિંતાતુર થએલો છું. આ સુંદર અને ફળદ્રુપ વૃક્ષો અને તેની અંદર રહી મધુર શબ્દો કરતાં એવા આ પક્ષીઓના ધ્વનિઓ સાંભળી મારૂં મન લોભાય છે અને મને અનેક જાતની આશાઓ ઉત્પન્ન થાય છે હે મહાનુભાવ, આ વખતે મારે શું કરવું? અને મને આ સ્થળે વિશેષ વિશ્રાંતિ મળશે કે નહિ ? એ સર્વેનો ઉત્તર આપી મારા મનનું સમાધાન કરો જેથી મારી ચિંતા દુર થાય " તે પુરૂષના આ વચનો સાંભળી તે શાંત મુર્તિ મહાત્મા ગંભીર શબ્દથી બોલ્યા " ભદ્ર, જો તારે ખરેખરી વિશ્રાંતિ મેળવવી હોય તો આ સ્થળ ઘણું યોગ્ય છે, જે આ સત્તર વાડવાળા પાંચ કલ્પ વૃક્ષો છે. તેની છાયા અંગીકાર કરવાથી તને અતિ અદ્ભુત આનંદ ઉત્પન્ન થઇ આવશે અનુક્રમે તારી ચિંતા દૂર થઇ જશે પણ તારે એટલું યાદ રાખવું કે, જો તું અહીંથી આગળ જઇશ તો તને ભારે દુઃખ ઉત્પન્ન થશે; આ સુંદર વૃક્ષો અને પક્ષીઓનો મધુર ધ્વનિ સાંભળી તું તારા મનને ક્ષોભ પમાડીશ નહીં તારા હૃદયમાં એવી દઢતા રાખજે કે, ગમે તેવો આનંદ દાયક લાભ મળે તોપણ મારે આ સ્થળનો ત્યાગ કરી આગળ જવું નહીં. "

તે માહાત્માના આ વચનો સાંભળી તે પુરૂષ નમ્રતાથી બોલ્યો—" મહાનુભાવ. હું આપના વચન પ્રમાણે આ પાંચ કલ્પ વૃક્ષનો આશ્રય લઇ અહીં રહું પણ મારા મનની અંદર જે ક્ષોભ છે, તે દૂરથતો નથી તમારી કૃપાનો આધાર રહી હું બનતો પ્રયત્ન કરી આ સ્થળની સેવના કરીશ. "

આ પ્રમાણે કહી તે પુરૂષ તે સ્થળે વિશ્રાંત થયો હતો.

ક્ષણવારે તે સુંદર વૃક્ષોમાંથી મધુર ફળ પડવા લાગ્યા અને અનેક પક્ષીઓ મધુર શબ્દો બોલવા લાગ્યા. આથી તે વિશ્રાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયેલા પુરૂષના હૃદયમાં ક્ષોભ થઇ આવ્યો. અને તેના મનની ચંચળતા પ્રગટ થઇ આવી. તત્કાળ તે બેઠો થયો અને તે સુંદર સ્થળમાંથી આગળ વધવા ઉત્સુક થયો. તે વખતે પેલા દયાળુ મહાનુભાવ બોલ્યા–ભદ્ર, તું વિશ્રાંતિનું સ્થળ છોડી આ પક્ષીઓના મધુર ધ્વનિમાં મોહ પામી આગળ જવા તૈયાર થાય છે, તે ખોટું કરે છે. પાછળથી તને મહાન પશ્ચાત્તાપ થશે. " આટલું કહી તે મહાનુભાવ મૌન ધારણ કરી પોતાના સ્વાધ્યાય ધ્યાનમાં તત્પર થયા, તે પુરૂષ તો તેમના વચનનો અનાદર કરી આગળ ચાલતો થયો.

પક્ષિઓના મધુર ધ્વનિ સાંભળતો અને નવા નવા સુંદર વૃક્ષોને અવલોકતો તે પુરૂષ થોડે દુર ગયો. ત્યાં એક સુંદર અને સ્વચ્છ જળનો ભરેલો દ્રહ તેના જોવામાં આવ્યો તે જોઇ હૃદયમાં પ્રસન્ન થયેલા તે પુરૂષે તે દ્રહનું સ્વાદિષ્ટ જલ પીવા માંડયું. જેમ જેમ તે જળનું પાન કરવા માંડયું, તેમ તેમ તેની તૃષા વિશેષ વધવા લાગી, તેણે કંઠ સુધી જલ પાન કર્યું, તોપણ તેની તૃષા છીપાણી નહીં. તેથી તે વિશેષ આકુળ વ્યાકુળ થવા લાગ્યો. (અપૂર્ણ.)

# ( हमारी उन्यति क्यों नहीं होती ).

मित्रवरो इस हेडिंगको देख कर कौन ऐसा जैनी है, जो इस लेखपर विचार नहीं करेगा और इसकी खोजना लगावेगा मुझे आशाहैकि हमारे भाई आवश्यही इसपर गहरा ध्यान देंगे और अपनी त्रुटियों को ढुंढकर निकालेंगे मैंने जहांतक विचार कियाहै वहांतक १४९ त्रुटियां ऐसी भासती है, कि जिनसे हमारी उन्यति होनही रुकती परन्तु अव·

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नितिका कारण भीहोताहै यदि उन सबको एक दाग लिखा जाय तो लेख बहुत कुच्छ बढ जाता है और समाचार पत्रमें इतनी जगह नः होनेसे शनः शनः प्रकट करनेका विचार निश्चय किया है.

विचार कीजये भारत वर्ष हांमें नहीं अन्यत्र देशों ने भी जिस जिस समय उन्नति प्राप्त की है वो किस प्रकारकी है किसीने घर बैठेही उन्नति नही की किन्तु सभासमाज मंडली द्वारा ही विचार निश्चत करके की है–सभी लोग देशमें एकसे विद्वान नही हुवा करते सभीको जातिये सुधारका लक्ष एकदम प्रगट नही हुवा करता आवश्य कुच्छ विशेषता गौणता सबमें होती है. जो महाशय विद्वान श्रेणीमें अग्रेसर होते हैं जातिय सुधारमें अग्रसर होते हैं. सभाओं द्वारा अपनी सम्मति प्रगट करते हैं जो महाशय अपनी जातिय सुधारकी सम्मति सुन्नेको एकत्र होते हैं. चाहै भले हीं वो विचार पहलेसे उनके समझमें नः आये हों परन्तु जब प्रश्न खडे हो जाते हैं, तो सारे ही सावधान हो जाते हैं और अपनी शक्ति अनुसार बहुत कुच्छ दिमागी जोर खर्च करके अपनी २ सम्मति प्रकाश करने लगते हैं. उस समय किसीकी सम्मति कैसी भी हो उससे हमें कुच्छ प्रयोजन नही पर अंतमें वडी भारी बाहस करके सारे लोग एक वात निश्चय करलेते हैं और एक मत होकर जय ध्वनिपूर्वक उस प्रस्तावको पास करलेते हैं और उसी समय उसकी प्रतिज्ञा करके मानो मेरू पर्वतकी भांति अडिग हो जाते हैं घर पहुंचते ही उन्हीं प्रस्तावोंके अनुसार काम करते हैं और सगे सम्बंधी कुटुम्ब परिवार मित्र वर्ग सभीको वोही उपदेश सुनाते हुवे अपने पास किये प्रस्तावोंपर चलनेका उपदेश देते हैं केवल उपदेश ही नही किन्तु जहांतक उनकी पार वसाती है चाहै मर्णांत कष्ट

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



क्यों नः हो उन्याति के शिखरपर ले जाते हैं जो जुबानसे पास किया है उसपर अडिग अटल बने रहते हैं. परन्तु हमारे में ठीक उनसे विपरीत ये बडा भारी दोप है. कि सब कुच्छ नकल करके भी अंतमें कार्य दक्ष नही बनते अपनी प्रतिज्ञाका पालन करना कराता नहीं जानते सारे काम उनके ये करते करते अंतमें (टांय टांय फिस) कर बैठते हैं.

हमारे विद्वान हमारे अग्रेसर हमारे वास्ते बहुत कुच्छ परिश्रम करते है प्रति वर्ष नगर २ की सभाओंके अतिरिक्त जैन श्वेताम्बर कौनफिरन्स प्रान्तिक कोनफिरन्स आदि वडी २ सभा बहुत धूमधामके साथ लक्षों रूपये व्यय करके इसी जातिय सुधार वास्तेकी जाति है कि जिसका वर्णन छापते २ समाचार पत्रोंको होशतक नहीं आता उन वडी २ सभाओंकी महीनों पहलेसे चर्चा प्रारंभ होजाती है अनेक प्रस्तावोंपर प्रथम सेही आन्दोलन होता होता वो वडी सभाका निश्चत दिन भी आपहुंचता है दूर २ के हजारों भाइ क्या विद्वान क्या धनाड्य सभी वडी धामधूमसे पधारते है और उस समय जो जो आडम्बर किये जाते हैं वो सभी आप लोग देख आये हैं सोतो लिखनेकी आवश्यक्ता नहीं है यहां तो सिर्फ याद दिलाना है उन सभाओमें अग्रेसर (आगेवान) प्रस्ताव पैश करते है पैश होते ही खूब व्याख्यानो द्वारा अपनी २ सम्माति प्रकाश होती है अंतमें समस्त भाई एकमत होकर दृढता पूर्वक वो प्रस्ताव पास करलेते हैं.

यहांतकतो हुवाकार्यक्रम ठीक अब सुनये बयान आगेका एकदम ही तखता लौटता है डिरापसैन होता है कहते हुवे कलेजा मुखको आताहै लिखते हुवे हाथ थर राता है फिरभी साहस पकड

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कर लिखताहूं की हमारे वहुतसें भाई होनेही सभा समाप्त निकलते ही मंडपसे बाहर कानाफूंसी कीसी बातें प्रारंभ करदेतेहैं कोई कहताहै कि अरे यार क्या घरपर चलकर इसी तरह बरतना होगा कोई कहताहै कि रे यार हमे तो ऐसा करनेसे बडा कष्ट होगा कोई कहताहै कि अरे यार हमारीतो घरवालीके आगे चलतीही नही चौथे गुरु घंटाल बौल उठे अरे क्यों पडे भींकते हो करनेका काम और है सुनेकी बातही और है यहां सुनने आयेथे सुन चले क्या सारी उमरकी रजष्ट्री करानें आये थे वा अपने घरबारका बेनामा करनेंथे जो पाबंद हो चलें–तुमतो नाहकका वहम करतेहो तुम्है तो ध्यानही नही रहता अपनीतो वही पुरानी रीतीहै कि मंडप से बाहर निकलते ही कपडे झाड दिये मानो सुना सुनाया यंही झाड दिया घरचलकर करेंगे वो जो हमें अच्छा लगेगा.

प्यारे पाठको कीजये विचार क्या कीसीने उन भले मानसोंको जबरदस्ती पकड बुलायाथा जो मारे डरके आकर प्रतिज्ञा कर चले और मंडपसे बाहर निकलते ही वे सुरी आवाज लगाने लगे सचतो ये है कि वहां हजारों मनुष्यो के सनमुख लज्याके मारे कहो चाहे मान प्रतिष्ठाके हेतु कहो हां हां कर जाते है और घरपर घरवाली का खोफ गालिब है तो प्रतिज्ञाका पालन करे कौन तब ऐसीही वेसुरी रागनी नः उडावें तो वेचारे करें क्या

प्यारे भाईयो इतनेही पर समाप्ती नही है जरा कान लगाये अपनी कोमकी दशा सुने जाइये–उपरोक्त बताई पार्टी चाहै थोडी भीहो पर अधिकांश भागतो घर पहुंचतेही मीठी पटाक भूलजाताहै जो कुच्छ सभाओंमें प्रस्ताव पास कर आये है उसपर कंचित मात्रभी नही चलते जो मुखसे कह आये है उसका कंचितभी ध्यान

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नही रखते और बहुत भाग ऐसाभी है जो घर पहोंचतेही ऐक दो दीन सभाकी चर्चा करतेहै बहुत जोर मारातो ऐक हफता सभाके गीत गाते रहे कोई हदसे बढ गया तो ऐक पक्ष खींचातान करताहै पूरा मास तो कोइ पकडताही नहीं आगे आगे मारेही चुप होजाते है मानो ये भोले बालक कुच्छ जानते ही नही थे ( बहुत सा भाग स्त्रीयोंके फंदेमें फसा हुवा है मनतो करता है कि प्रतिज्ञाका पालन करें परन्तु घर वालियों के भय के आगे वेचार कुच्छ कर नही सकते चाहे एकबार नही हजारबार प्रतिज्ञा भले ही करलें चाहे अपनी ही स म्मति से क्यों नः रूल पास कर आवें, परन्तु घरपर आते ही छकडी भूल जाते है जो घरवालीका हुकम चढ गया मानो विधाताका ले ख हो गया फिर चाहे अपनी प्रतिज्ञाका मलिया मेट होजावे लाज शर्म पंचान में जाती रहै देशका धर्मका जातिका सर्वस्व नाश हो जावे चाहे समस्त रही सही भी इज्जत खाक में मिल जावे तोभी कुच्छ परवाह नही पर घरकी गुरनी की तो सीख माननी ही पडेगी जैसाकी भरतपुर निवासी कुच्छ भाइयोंने करके दिखाया है,

वहांपर हाल हीमें एक ओनरेरी उपदेशकने कुरीती सुधारपर उपदेश दिया सबनेही स्वीकार कर लिया पर इतनाही बाकी था कि घरवालीयोंसे नही पुच्छाथा रात्रीमें घरवालीयोंने वो छटादार भाषण सुनाये कि भूल गये चौकडी सुबह होते ही लगे राग ओंधा ही अलापने क्योंकि रातमें तो गुरनीजीने मंत्रही पूरा पढाया था भला उसका नशा क्यों उतरने लगाथा कहां तो निश्चय कियाथा कि प्रभात मंदिरजीमें समस्त भाई एक पत्रपर हस्थाक्षर करेंगे और कहा मंदिरमें एकत्र होकर रात्रीका पढा हुवा सबकु सुनाने लगे और अंतमें रात्रीका पढा पाठ पूरा करके समयको टाल चम्पत बने.

( અપૂર્ણ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भाईओ सो चनेका स्थानहै कि जिन २ लोगोंका ऐसा ध्यान है उनसे धर्मोन्नतिकी क्या आशा की जाती हैं तभी तो वो न्यूनता हममें रहजाती हैं कि जिसके नः होनेसे हमारी जाति रसातलको पहुंचती जाती है यदि अब जरूरत है तो हममें यही है कि जो हम अपने मुखसे कहैं करके दिखावें खाली बातां नः बनावें इसीसे हमारी सर्वस्व हर्ण हो रहा है कि हम कहते कुच्छ है और करते कुच्छ हैं.

क्या सत्य पुर्षोंके यही लक्षण हैं—नही—नही—हरगिज नही मनुष्योंको अपना वचन पूरा करना चाहीये मारवाड मेवाड आदिम अधमसे अधम जाति भी अबतक अपने वचन पूरे करनेमें कटीबद्ध रहकर यह कहावत कहा करती है.

सिंह गमन सत्य पुर्ष वचन और कैलफले एक बार
तिरया तैल हमीर हठ चढे नः दूजी वार

मित्रवरो आपका उसी वीर भूमीसे निकास है और ऊंचसे ऊंच जाति हो तो क्या इतनाभी ध्यान नही है देखये अन्यमतीभी इस नियमकी बाबत क्या कहते है तुलसीदासजीने रामायणमें कहा है.

रघुकुल रीत सदा चली आंई
प्राण जाय पर वचन न जाई

भाईयो आप तो सर्वोपरी श्रेष्ठ जैन धर्म में होके जिसमें खास कर इसी नियम के वास्ते दूसरा मृषावाद व्रमण व्रत न फसीलसे कहा है और अनेक कथाओं द्वाराभी आपको समझाया है अनेक ग्रंथ पूर्वाचार्योंने रचे हैं पर हमारे भाईयोंको जराभी ध्यान नहीं है कि सत्य बोलना किस चिड्याको कहते हैं हाय अफसोस—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हमारे भाई सभाओंमें जाकर रूल पास कर आते हैं और घरपर आते हीं ध्यान नही रखते क्या ये थोडे शर्मकी वात है क्या इन लक्षणोंसे जातिय पक्ष उभर सकता है.

यदि हमारे भाई विशेष परिश्रम भी नः कर सकें उन्नति अवनितीका भी विचार नः कर सकें तोभी कम से कम इतना तो होना उचित है किजो देख सुनकर विचारके साथ जिन प्रस्तावोंको सभामें पास कर आते हैं उसपरतो आरूढ बने रहैं--जिन प्रस्तावोंको जै ध्वनी पूर्वक अपनी जुबानसे स्वीकार कर आये है उसपर तो डटे रहै पर मेरे प्यारे घरपर आतेही सिट पिटी भुल जाते है

प्यारे मित्रो जहांतक विचार किया गया तो वहुत ही न्यून भाग ऐसा है जो अपनी प्रतिज्ञाका पालन करता है अपने पास किये प्रस्तावों पर अटल है वरना बहुत भागतो प्रतिज्ञा भंग करनेमें ही अपनी बहादुरी समजताहै घरपर आतेही लज्या और सुना सुनाया पढा पढाया सब कुच्छ उतार कर खुंटी पर धर देते है और अपनी करी प्रतिज्ञाको ऐसा भूल जाते है मानो ये जो कुच्छ जातिय सुधारका परिश्रम हुवा उनके पिछले जन्म में हुवा था जो इस जन्ममें याद नही रहा है या समझलो किसी नशेकी हालतमें थे जो उतरते ही नशेके पहले किये करतव्योंकी याद नही रही.

क्योंकि यदि याद रहती तो जुबान से जो कह आये हैं अपनी सम्मति से जो पास करा आये है उसपर आवश्य अटल बने रहते और अपनी प्रतिज्ञाका पालन करते क्योंकि बचन देकर पीच्छे फिरना काम अधम जीवोंका होताहै और हमारे भाई चिकने चुपडे चहरे वाले सफेद पोश मीठी २ वातें बनाने वाले काहेको इस दोषमें शामिल हो सकते है

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्यारे पाठको ये सब कुच्छ कहनेही मात्र है यही हमारे भाई जो भोगविलास और व्योपारादिमें अपने वचनोंका पालन करनेमें कार्य कुशल होते हैं हजार विपत्ती आने पर भी अपने बचनोंका पूरा डालनेमें सरतोड परिश्रम करते है वोही महा पुर्ष इस धर्म विशय जातिय सुधारमें गलिया बैलकी तरह ऐक दम जुआ डाल ( गेर ) अलग जा खडे होकर पामर जीवोंकी तरह गिडगडाते हैं इस काम में जराभी साहस करना उनके वास्ते आकाशमें उडनेके सद्रश्य है.

इस धार्मिक कार्योंमें इन मात्माओंको अपने बचनका अपनी प्रतिज्ञाका अपने अग्रेसरोंका कहे सुनेका कुच्छभी ध्यान नहीं है मस्ताने हाथीकी तरह पडे झूमते रहते हैं और जो जीमें आया सो करते हैं उन भले मानसोंको ये खबर नही हैं कि कौनफिरन्स आदि सभाओंमें जो लाखों रूपया हमारी जातिका जो हमने बडे परिश्रमसे पैदा कियाथा स्वाहा हुवा है तो उससे हमने क्या लाभ उठाया यदि उन मात्माओंको कुच्छ उपदेश दिया जाता है तो फिर निरक्षर भट्टाचार्य खूबही बेतुकी उडाते हैं.

प्यारे भाईयो जरा इन निरक्षर भट्टाचार्योंकी भी ऊत पटांग दलीलोंको सुनये प्रारंभमें तो यही प्रश्न उपस्थित होता है कि— पहले करते आये सोही हम करेंगे—क्या बूढे बडेबे वकूफथे अभी अकलमंद पैदा हुवे है, जब उतर दिया जाता है कि नही भाई पहले बे वकूफ नः सही और उनके विशयमें कहताही कौन है अब तो तुमारा ही सुधारा किया जाता हैं जरा ये तो कर दिखावो कि जिसका बाप ( पिता ) दो तोले अफीम खाता हो उसकी सन्तानभी हमारे सामने खावें या जिसके बाप दादे शराबी कबाबी जुवारी लंपट चौर है तो क्या उसकी सन्तानभी ऐसाही करे, पर वैसा करते नही क्योंकि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अफीम खावे तो परम धामको (परलोक) को जाना पडे और चौरी आदि कुकर्म करे तो जेल खानेकी हवा खावे कौन ये तो धर्मके काममें उल्ट पुल्ट पत्थर फेंक देने है—बहुतसे सडी ताल उडाते है कि पहले तो ये बातें नही हूवा करतीथीं पहले तो औसा नगरी आदिमें उपले तीनते गोबर चुगते और भीक मांगते मर गये और अवये नयेर आडम्बर होते हैं तो हम क्यों करें उत्तर दिया जाता है कि आपकुपढ होनेसे अपने बडोंको ऐसा कलंक लगाते हो क्योंकि ऐसा किसी इतिहासमें नही लिखा है और यदि आपको इठ हैं तो आपभी भीक मांगये उपले वीनये जैसे आपके पहेले करते आये सो करके दिखाईये तो अपनासा मुंह लेकर रह जाते हैं और पहली चाल चलनेको तैयार नही होते, होंनें कहांसे यदि सारी पहली सी बातों पर कमर बांधें तो फिर पक्के मकान ढवा कर कच्चे बनाने पडें और मलमलकी जगह पहरना पडे गाढा और पक्की सडकों तथा रैलकी जगह चलना पडे कच्चे रास्ते पैदल भूल जांय घरका रास्ता आटे दालका सब भाव याद आ जावे पर भाइओ इस धर्मका कोई रक्षक नहीं जो चाहैं सो बातें बनाओ.

यदि धर्मका कोई काय प्रारंभ होता है तो कहते हैं कि फलां २ पहले शिरुआत करेंगे तो हम करेंगे वरना नही पर नही मालूम जब खानेका वक्तआताहै तो फिर उन्ही निरक्षर भट्टाचार्यों को कि जिनकी ओर लींगईथी कोइ मनुष नही पूछता और सबसे आगे बढ २ कर खूबही लड्डुवों पर हाथ फेंकते हैं शरम की बात है कि धर्म काजमें दूसरे की ओट लेकर बचना और लेटर बैक्स भरने आदि पापकी बातों में आपही पहल करना कितनी गेरत की बात है

प्यारे भाइयो विशेष लखनेको आवश्यक्ता नही है आप इतने-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हीसे सब कुच्छ समज गये होंगे यदि हम में जरुरत है तो पहला नम्बर अपनी प्रतिज्ञाका पालन करना है जबतक हम इस नियम में दृढ नही होंगे तबतक कुच्छ भी कार्य नहीं हो सकता चाहै आप एक वर्ष क्या हजार २ वर्ष तक कोशिष कीजये एक रुल नही हजार पास कीजये । जबरुल प्रस्ताव—वर्ताबईमें नही लाये जाते तो किस कामकेहै चाहै एकही प्रस्ताव पालकरो पर जितने सभा मंडपमें हो उसी समय अपनी प्रतिज्ञाका पच्चख्खाण कर लो चाहै मरणांत कष्टतक क्यों नः सहना पडे पर अडिग बने रहो तभी मन धारा कार्य पार पड सकता है वरना विना सत्यताके कुच्छ नही एक कविने भी कहा है कि

{ सत्य बराबर धर्म नही झुंठ बराबर पाप }
{ सत्य धर्मका मूल है झुंठ पापका बाप }

बस भाइयो मनाशी लेखमें यही उपदेश है कि यदि साहसहै और धर्मोन्नति करना चाहते होतो कमर कसकर उठो और धर्म रक्षा करो कोरी भंगडीयो कीसी गप्पे नः हांको जो मुखसे कहो कर दिखावो शास्त्रकारभी इस विशयको पुष्ट करते हुवे कहते हैं कि—

{ प्रयातु लक्ष्मीश्चपल स्वभावा गुणा विवेक प्रमुखाः प्रयान्तु }
{ प्राणश्च गच्छन्तु कृत प्रयाणाः मायातु सत्वंतु नृणां कदाचित् }

इत्यादि बहुत लेखहैं कहांतक लिखुं पत्रमें जगह नही हे अब आपही पर भार छोडता हू कि यदि जातिय पक्षको उभारना चाहते हो तो असत्य बोलनेको वक्रगतिको छोड सत्य बोलना ग्रहण करो तो जातिय उन्नति, व्योपार उन्नति, धर्मोन्नति, देशोन्नति आदिक अनेक उन्नतियां शीघ्र आपको प्राप्त हुगी वरना अब इस

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



से भी बढकर वो खराब दशा आनेवालीहै कि जिसको देख सुनकर रोमांच हो जावेगा और तब पश्चाताप करोगे कि हाय हमने उस लेख पर ध्यान नही दीया कि हमारी उन्नति क्यों नही होती.

शेठ जवाहरलाल जैनी.
सिकन्दराबाद यू. पी.
जिला बुलन्द शेहर.

# મીથ્યાત્વી (હોલી) અને જૈન.

હમારા જૈનબંધુ ( શ્વેતાંબર, દીગંબર, સ્થાનકવાસી વિગેરે સર્વ સ્વધર્મી ભાઇઓને નમૃતા પુર્વક જણાવવામાં આવે છે. કે, આપણા શાસ્ત્રમાં ( હોળી ) એ પર્વ નિષેધ છે, છતાં અન્ય ધર્મના હિંદુ લોકોના રીવાજ મુજબ હજુ સુધી કેટલાએક હમારા જૈન બંધુઓ અજ્ઞાનતાથી મોહમાં ફસાઇ જઇ, અઘોર પાપમાં પડતા જોવામાં આવે છે. વાસ્તે એવા પાપથી મુકત થઇ પોતાનો ધર્મ જાગવશે, અને જીન વચનનું ઉલંઘન નહીં કરશે અને આવા અઘોર પાપથી મુકત થશે એવી આશા રાખું છું. હોળી એ મિથ્યાત્વી પર્વ છે. અને એમાં આપણા શાસ્ત્રો શું શું દોષ બતાવે છે તે નીચે મુજબ ધ્યાનમાં લઇ વાંચશોજી. અને એથી પણ વધુ જાણવા માંગતા હોતો હોળીની કથા વાંચવાથી સ્પષ્ટ જણાશે કે એ પર્વની ઉત્પત્તિ થોડા વરસોથી થઇ છે.

આ નિંદનીય પર્વમાં કોઇ પણ જાતનો ભાગ લેવાથી તેમ જ તે પર્વની કોઇપણ જાતની ક્રિયા કરવાથી નીચે જણાવ્યા મુજબ પાપ લાગે છે.

(૧) બળતી હોલીમાં એક મુઠી ગુલાલ નાંખવાથી દશ ઉપવાસ આલોયણા આવે,
(૨) ૧ લોટો ભરી પાણી રેડે તો, એક સો ઉપવાસની આલોયણા આવે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) મુત્ર નાંખે તો પચાસ ઉપવાસની આલોયંણા આવે,
(૪) છાણું નાંખે તો પચીશ ઉપવાસની આલોયણા આવે,
(૫) એક ગાળ બોલે તો પંદર ઉપવાસની આલોયણાં આવે,
(૬) ફાગ તથા ગાળ વગેરે ફટાણાં ગાય તો ૧૫૦ ઉપવાસની ,,
(૭) નગારા વગાડે તો ૭૦ ઉપવાસની ,,
(૮) ૧ છાણું નાંખે તો ૨૦ ,, ,,
(૯) છાણાનો હારડો કરી ( હોલીઆ ) કરી નાંખે તો એક સો વાર બળી મરવું પડે.
(૧૦) ૧ નાળીએલ નાંખે તો ૧ હજાર વાર બળી મરવું પડે,
(૧૧) ૧ સોપારી નાંખે તો ૫૦ વાર બળી મરવું પડે,
(૧૨) ૧ મુઠી ભરી ધુળ નાંખે તો પચીશવાર બળી મરવું પડે,
(૧૩) લાકડાં નાંખે તો ૧ હજારવાર બળી મરવુ પડે,
(૧૪) ખાડો ખોદે તો ૧૦૦ વાર ,,
(૧૫) હોળી સળગાવે તો એક હજારવાર ચંડાળ ( ભંગી ) ના કુળમાં ઉપજે.
(૧૬) ૧ વાર હોળી બોલે તો દસહજારવાર બળી મરવું પડે,
(૧૭) હોળીની પુંજા કરે તો દસહજારવાર બળી મરવું પડે,
(૧૭) હોળીનું વૃત જે ધણી કરે તેને એક હજારવાર મલેચ્છનાં કુળમાં ઉપજવું પડે,

ઉપર મુજબ શાસ્ત્ર દોષ બતાવે છે માટે સર્વ ધર્મી બંધુઓ આવા અગણિત પાપ છોડી શાસ્ત્રકારના વચન મુજબ યથા શકિત વૃત પચખાણ કરી મોક્ષ માર્ગની ખર્ચી કરો એવી વિનંતી છે.

**લી૦ સંઘનો દાસાનુંદાસ.**

G. K—Nhar—Bijapur.

---

# વર્તમાન સમાચાર.

## મુનિ મહારાજ શ્રી હંસવિજયજી મહારાજનું આવાગમન.

કચ્છ દેશમાં વસતી જૈન કોમ ઉપર અનેક ઉપકાર કરી ત્યાંથી વિહાર કરી હાલમાં કાઠીયાવાડમાં આવેલ શ્રી સિદ્ધક્ષેત્ર પાલી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાણા મુકામે ચાતુરમાસ કરી ઉપધાન વહનની ક્રિયા કરાવી, મુનિ મહારાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા પન્યાસજી મહારાજ શ્રી સંપત્તવિજયજી મહારાજાદિ સાધુ મુનિરાજો શ્રી સંઘના આમંત્રણથી અત્રે ભાવનગરમાં પધાર્યા હતા. પ્રથમ પાલીતાણાથી વિહાર કરી શ્રીમદ્ હંસવિજયજી મહારાજ તથા પન્યાસજી સંપત્તવિજયજી મહારાજાદિ સાધુઓ શીહોર મુકામે પધાર્યા. તે વખત અત્રેના શ્રી સંઘના આગેવાન ગૃહસ્થોનું એક ડેપ્યુટેશન મહારાજ શ્રીને અત્રે પધારવાને વિનંતી કરવા ગયું હતું. અત્રેના શ્રી સંઘના આગ્રહથી અને તેઓની વિનંતીને માન આપી અત્રે પધારવા કબુલ કર્યું હતું. જેથી માગશર વદી ૮ બુધવારના રોજ અત્રે પધારતાં આખો શ્રી સંઘ, પુરૂષો અને સ્ત્રીઓ મળી સુમારે હજાર માણસો સહિત સામૈયું કરવામાં આવ્યું હતું. મહારાજ શ્રી શહેરમાં પધારતા આખી જૈન કોમને હર્ષોલ્લાસ થયો હતો. સામૈયું શહેરના મોટા રસ્તા ઉપર ફરી શ્રી સંઘના મારવાડીના વંડાના નામથી ઓળખાતા ઉપાશ્રયમાં આવતાં મહારાજ શ્રીએ ત્યાં નિવાસ કર્યો હતો. બીજે દિવસ એટલે માગશર વદ ૯ ના રોજથી સવારના વ્યાખ્યાન શરૂ થયું હતું. અને રાત્રિના અત્રેનો શ્રી સંઘ એકઠો થતાં મહારાજ શ્રી હંશવિજયજી મહારાજના આવા ગમન નીમિત્તે શ્રી સંઘને થયેલ હર્ષોલ્લાસને લીધે અત્રે મેરૂ પર્વતની રચના સહીત અઠ્ઠાઇ મહોત્સવ કરવાનું ઠર્યું હતું. જે માગશર વદી ૧૦ ના રોજથી અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયો હતો. જે અપુર્વ આનંદ સાથે નિરવિઘ્ને પોષ શુદ ૨ ના રોજ સમાપ્ત થયો હતો. ત્યારબાદ પોષ શુદ ૩ ના રોજ મહારાજ શ્રી હંસવિજયજી મહારાજ તથા મહારાજ સંપત્તવિજયજી મહારાજ વિહાર કરી પોષ શુદ ૫ ના રોજ આ શહેરથી ચાર કોશ દુર આવેલા કમળેજ ગામે પધાર્યા. જ્યાં આ સભાના સભાસદો તેમજ સંઘના કેટલાક આગેવાન ગૃહસ્થો ત્યાં આનંદ પુર્વ પુજા ભણાવી સ્વામી વાત્સલ્ય કર્યું હતું. અને ત્યાંથી મહારાજજીએ અમદાવાદ જવા વિહાર કર્યો હતો.

For Private And Personal Use Only